જા.નં.૧૨૮૭-૧૯૧૭
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૧/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી તમામ...
જીલ્લાની તમામ શાળાઓ.
બનાસકાંઠા,પાલનપુર

વિષય :-૨૮/૦૧/૨૦૨૦ના બપોરે ૨-૦૦ થી ૫-૦૦ કલાક દરમ્યાન લેવાનાર પરીક્ષા ના કાર્યક્રમમાં ફેરફાર કરવા બાબત...
સંદર્ભ :- ઉ.મા.શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્રાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૧૪-૧૪૮ તા.૧૭/૦૧/૨૦૨૦.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત મા.અને ઉ.મા શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સંદર્ભે વિધ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે હેતુસર બાયસેગના માધ્યમથી માન.રાજ્યપાલશ્રી અને માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના પ્રેરક વ્યક્ત્વ્યનું જીવંત પ્રસારણ તા.૨૮/૦૧/૨૦૨૦ના રોજ સાંજે -૪.૦૦ કલાકે વંદેગુજરાત ચેનલ નં-૧૦ પર થનાર હોઇ તા.૨૮/૦૧/૨૦૨૦ના રોજ સદર કાર્યક્રમ હોવાથી બપોરના ૨-૦૦ થી ૫-૦૦ દરમ્યાન લેવાનાર અર્થશાસ્ત્રનું પ્રશ્નપત્રના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવે છે. આથી તમામ આચાર્યશ્રીઓને સ્પષ્ટપણે સુચના આપવામાં આવે છે કે સદર તારીખનું પ્રશ્નપત્ર સીલ બંધ કવરમાં જ જાળવી રાખવાનું રહેશે. આ અંગેની નવીન તારીખની જાણ હવે પછી થી કરવામાં આવશે.

વધુમાં તમામ શાળાઓએ સદર કાર્યક્રમ નિહાળી એસ.વી.એસ ખાતે આ અંગેનો અહેવાલ રજુ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner